(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ભારતીય જનતા પાર્ટીનો ૩પમો સ્થાપના દિવસ ચિલોડામાં જોશભેર ઉજવાયો હતો. ચિલોડા ગામના ભાજપના કાર્યકરો દ્વારા ભારતમાતાની તસવીર સાથે ભાજપના બેનરો અને કમળના ચિહ્નના પ્રતિકો સાથે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકસભાની ચૂંટણીઓમાં ગુજરાતની તમામ બેઠકો પર વિજય મેળવવાના સંકલ્પ સાથે ભાજપના કાર્યાલય પર બુથ સમિતિના સભ્યો, પક્ષના સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકરોએ એક તાંતળે જોડાઈ મતદારો સુધી પહોંચવા હાકલ કરાઈ હતી. ચિલોડાના ચોકમાં ભારત માતાનો ફોટો અને કમળના બેનરો મુકી ભાજપનો ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો તેમજ થાળીઓ વગાડી શંખનાદ પણ કરવામાં આવ્યો હતો.

પેન્શન સ્લીપ ટપાલ મારફતે ન મળતી હોવાની ફરિયાદો

સુવિધા ઉભી કરાયા બાદ પણ વ્યવસ્થા ન જળવાતા તમામ માટે મહામંડળની રજૂઆત : ગુડા વિસ્તારમાં ટપાલ પહોંચતા મહીનો વીતી જાય છે

ગાંધીનગર, તા. ૬

પેન્શનરોને પેન્શન સ્લીપ ટપાલ મારફતે મળતી ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. આ મામલે મહામંડળ દ્વારા તપાસ હાથ ધરવાની માંગ સાથે દાકઅદાલતમાં રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં એક મહીના સુધી ટપાલ મળતી ન હોવાનો કકળાટ ડામવા પણ ત્વરિત પગલા લેવા ડાકઅદાલતમાં જણાવાયું છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા મુજબ ડાક અદાલત દરમિયાન વિવિધ પ્રશ્નો સંદર્ભે ડાક અધિક્ષકને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં પેન્શનરોએ આવક અંગેનુ સ્ટેટમેન્ટ ઘરબેઠા મળએ તેવી વ્યવસ્થાના અંતે પણ પેન્શન સ્લીપ ટપાલ મારફતે ઘરે ન પહોંચી હોવાના મામલે યોગ્ય તપાસ હાથ ધરવા જણાવાયું હતું. આ ઉપરાંત સે. ૭, સે. ૧૯ અને સે. ૨૨, ૨૩ તેમજ નવા સચિવાલય સ્થિત પોસ્ટ કચેરીમાં ક્લાર્કની જગ્યા ન ભરાતા ગ્રાહકોને પારાવાર હાલાકી વેઠવી પડતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. જ્યારે સે. ૮ અને સે. ૨૨માં પણ ટપાલ વિતરણ વ્યવસ્થામાં થતા વિલંબને નિવારવા જણાવાયુ હતુ. સે. ૧૪માં પણ ટપાલ પેટી મુકવા રજૂઆત કરવામાં આવી હતી. મહામંડળના સુધીરભાઈ દેસાઈ, મયુર વ્યાસ, કીશોર જીકાદરા તેમજ સી.ડી. ધનેશ્વરે ગુડા વિસ્તારના કુડાસણ, કોબા, રાંદેસણ અને ગીફ્ટસીટીમાં એક મહીને ટપાલ પહોંચી હોવાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ વિસ્તારમાં ટપાલ સેવાના નામે મીંડુ હોવાનું જણાવી ત્વરિત વ્યવસ્થા ગોઠવવા જણાવાયું હતું.

પ્રાંતિજના બોરિયા ગામે વીજ કરંટથી બે વાનરના મોત

પશુ પ્રેમીઓએ વાનરોને વિધિવત દફનાવ્યા

પ્રાંતિજ, તા. ૬

તાલુકાના બોરિયા ગામમાં આજરોજ વાનરોનું ટોળુ એકાએક આવી ચડતા ગામમાં કુતુહલતા ફેલાઈ જવા પામી હતી. ત્યારે બે વાનરો ઈલેક્ટ્રીક ડી.પી. ને અથડાતા વાનરોના મોત નિપજ્યા હતા.

પ્રાંતિજના બોરિયા ગામમાં આજે બપોરના સમયે એકાએક ૧૦૦ થી વધુ વાનરોનું ટોળુ આવી ગયું હતું. વાનરો દ્વારા મસ્તી કરવામાં આવતા ગ્રામજનોમાં પણ કુતૂહલતા વ્યાપી ગઈ હતી અને લોકો ટોળાને જોઈ રહ્યા હતા. સામાન્ય રીતે મનુષ્યને પણ કહેવામાં આવે છે કે વાનરવેળા ના કરીશ ત્યારે આ વાનરોના ટોળાના બે વાનરો ગામમાં આવેલ ઈલેક્ટ્રીક ડી.પી. ને ટકરાતા ઘટના સ્થળે જ મોત થઈ જવા પામ્યા હતા.

બે વાનરોના મોતથી પ્રાણી પ્રેમીઓ પણ નિરાશ થઈ ગયા હતા. ત્યારે આ પ્રાણી પ્રેમીઓએ બન્ને વાનરોને દફનાવ્યા હતા. સમગ્ર પ્રાંતિજ પંથકમાં આ માનવતાની મહેક પ્રસરાઈ ગઈ હતી અને લોકો પશુ પ્રેમીઓની માનવતાને બિરદાવી હતી.

સત્તા મેળવવી એ આંકાક્ષા નથી : રાષ્ટ્ર નિતી પ્રેરિત છે ભાજપ : નરેન્દ્ર મોદી

ગાંધીનગર, તા.૬

માત્ર સત્તા મેળવવી એ આકાંક્ષા નથી. ભાજપ રાષ્ટ્રનીતિ પ્રેરીત છે એમ ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે.

૬ એપ્રિલ આજે ભાજપનો સ્થાપના દિવસ છે ત્યારે ભાજપના સ્થાપના દિવસની ઉજવણી સંકલ્પ દિવસ મનાવીને ભાજપ દ્વારા કરવામાં આવી રહી છે. ભાજપના સ્થાપના દિને આજે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીથી વિડીયો કોન્ફરન્સ દ્વારા ભાજપના કાર્યકરોને સંબોધન કર્યું હતું.

ભાજપના સ્થાપના દિને કાર્યકરોને સંબોધન કરતાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો કે લોકસભા ચૂંટણીમાં દેશમાં પરિવર્તન થવાનું નિશ્ચિત છે. તેમણે ઉમેર્યું હતું કે ભાજપને સત્તા મેળવવાની આકાંક્ષા નથી ભાજપ તો રાષ્ટ્રનિતી પ્રેરીત પક્ષ છે.

દેશમાં ટેકનોલોજીના ઉપયોગ અંગેની મહત્વતા કાર્યકરોને સમજાવતા તેમણે જણાવ્યું હતું કે આવતીકાલે દેશમાં ૧૦૦ સ્થળોએ ઉડી ટેકનોલોજી દ્વારા સભાઓને સંબોધવામાં આવશે. આ ટેકનોલોજીના ઉપયોગનો નવો પ્રયોગ આવતીકાલે કરવામાં આવશે.

ભાજપ રાષ્ટ્રનીતિ પ્રેરીત હોવાનું જણાવીને તેમણે જણાવ્યું હતું કે હવે ભાજપ પક્ષનું ચિહ્ન કમળ લોકોના દિલમાં પહોંચી ગયું છે.

ગુજરાતમાં અમદાવાદ સહીત તમામ જિલ્લાઓમાં શહેર અને તાલુકા મથકોએ ભાજપના કાર્યકરો દ્વારા સંકલ્પ દિવસ મનાવીને ભાજપના સ્થાપના દિવસની વિવિધ કાર્યક્રમો કરી ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત ઉપરાંત દેશના અન્ય રાજયોમાં પણ ભાજપના કાર્યકરો દ્વારા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડામાં આધારકાર્ડ કેમ્પ

આધારકાર્ડ માટે ઠેર ઠેર કેમ્પોનું આયોજન કરી નાગરિકોને સહુલીયત રહે તે માટે પ્રયત્નો કરાય છે. ચિલોડામાં યોજાયેલ આધારકાર્ડ કેમ્પમાં ગ્રામવાસીઓ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

આવતીકાલે રામનવમીએ સે. ૩-ડીના રામજી મંદિરમાં ભજન-સત્સંગ વાણીનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં તા. ૮મી એપ્રિલ મંગળવારે 'રામનવમી' નિમિત્તે સેક્ટર-૩-ડી ખાતે આવેલ રામજી મંદિરમાં ભજન-સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભજન સત્સંગ કાર્યક્રમમાં સંતો દ્વારા સત્સંગ વાણીનો લાભ ધર્મપ્રેમી જનતા મેળવી શકશે.

રામનવમીની ઉજવણીના ભાગરૂપે સવારે ૯ વાગે મંદિરમાં આરતી, પૂજા અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ રાત્રે ૯ વાગ્યાથી ભજન-સત્સંગ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં અંજારના સંત મોતીરામ સાહેબ તેમજ અમદાવાદના ઘોડાસરવાળા બચુરામ આશ્રમના નરેન્દ્ર બાપુ અને વર્ષાબા સત્સંગ વાણી રેલાવશે. આ ઉપરાંત ગાંધીનગરના સેક્ટર-૩-એ-ન્યુના કબીરકૃપા ભજન મંડળ દ્વારા શ્રોતાઓને ભજનની સુરાવલીઓના રસતરબોળ કરાશે. શહેરની તમામ ધર્મપ્રેમી જનતાને રામનવમી નિમિત્તે આરતી-પૂજાના દર્શન અને ભજન-સત્સંગવાણીનો લાભ લેવા નિમંત્રણ અપાયું છે.

લીંબડી ખાતે સતલોકધામનુ ખાત મુહૂર્ત

ગાંધીનગર, તા. ૬

પ.પૂ. તપસ્વી મહારાજ સાહેબ લીંબડીની ૨૫મી પુણ્યતિથિ મહોત્સવ અને નેશનલ હાઈવે લીંબડી પર નિર્માણ પામનાર સતલોક ધામ મંદિરનું ખાત મુહૂર્ત તા. ૮ એપ્રિલ મંગળવાર, સવારે ૮ કલાકે પ.પૂ. હજુર અર્ધનામ સાહેબના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે ગુજરાતના સંતો-મહંતો ઉપસ્થિત રહેશે.

ચિલોડામાં સંતનો મેળાવડો યોજાયો

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામમાં ભવ્યાતિભવ્ય સંત-મેળાવડો યોજવામાં આવ્યો હતો. જેમાં પુરષોત્તમલાલ બાપુ ઉપસ્થિત રહ્યા હતા. સંત મેળાવડામાં આજુબાજુના ગામના ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. પાટનગરની પાસેના ચિલોડા મોટા ગામમાં સંત મેળાવડો યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બહારથી પધારેલા સંતોનું સામૈયુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. બેન્ડવાઝા સાથે નિકળએલ શોભાયાત્રામાં ગામના અગ્રણીઓ, વેપારીઓ અને મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા. રાત્રિ દરમિયાન ચિલોડા ગામના ભક્તજન ઈશ્વરભાઈ રાવળના ભક્ત મંડળ દ્વારા ભજન-કિર્તન કરવામાં આવ્યા હતા.

રાજયભરમાં ભારે અંધાધૂંધી વચ્ચે જેઈઈની પરીક્ષા સંપન્ન

અમદાવાદ,તા.૬

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી એન્જિનિયરિંગ કોલેજોમાં પ્રવેશ માટેની જેઈઈની પરીક્ષા આજે લેવામાં આવી હતી. આ પરીક્ષા દરમિયાન અમદાવાદમાં કેટલીક જગ્યાએ મોડા પડેલ વિદ્યાર્થીઓને પરીક્ષામાં ન બેસવા દેતા વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો જ્યારે રાજકોટ, વડોદરા સહિત અન્ય પરીક્ષા કેન્દ્રોએ બેઠક વ્યવસ્થા મુદ્દે વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બીજી બાજુ પરીક્ષાનું પેપર પણ અઘરુ નિકળતા અનેક વિદ્યાર્થીઓ રડવા લાગ્યા હતા. પ્રાપ્ત થતી માહિતી મુજબ દેભરમાં આવેલ આઈઆઈટી, એનઆઈટી સહિતની તમામ ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટે ફરજિયાત એવી જેઈઈની પરીક્ષા આજે રાજયભરમાં લેવામાં આવી હતી. સીબીએસઈ બોર્ડના ઉપક્રમે યોજાયેલ આ પરીક્ષામાં ગુજરાતમાં અમદાવાદ ઉપરાંત વડોદરા, સુરત, રાજકોટ સહિતના શહેરોમાં જેઈઈની પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષા દરમિયાન અમદાવાદના ઘાટલોડિયામાં આવેલ અમૃત સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ મોડા પડતા પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા ન હતા. જેને પગલે વિદ્યાર્થીઓ અને વાલીઓએ હોબાળો મચાવ્યો હતો જેના પગલે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

છ બેઠકો માટે મતદાન

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

રાજ્યોમાં વિરોધપક્ષો ખૂબ જ આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. આવતીકાલે જે મત વિસ્તારમાં મતદાન યોજાનાર છે તેમાં તેજપુર, કાલિયાબોર, જોરહાટ, ડિબ્રુગઢ અને લખિમપુરનો સમાવેશ થાય છે. આમાથી ડિબ્રુગઢ બેઠક અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખવામાં આવી છે. આસામમાં વંશવાદની સ્થિતિ હમેશા રહી છે. કાલિયાબોર બેઠક પરથી આસામના મુખ્યમંત્રી તરુણ ગોગાઈના પુત્ર ગૌરવ ગોગાઈ મેદાનમાં છે. આ અગાઉ આ બેઠક પરથી ગૌરવના સંબંધિ દ્વીપ ગોગાઈ સાંસદ તરીકે હતા. ન્યૂયોર્ક યુનિવર્સિટીમાંથી પબ્લિક એડમિનિસ્ટેશન કરનાર ગૌરવ ત્રણ વર્ષ પહેલાં ભારત પરત ફરીને પોતાના પિતાની વિરાસતને આગળ વધારવા કોંગ્રેસના ધ્વજ હેઠળ ચૂંટણી મેદાનમાં ઉતરી ગયા હતા. આસામ ગણપરિષદે લખીમપુરમાંથી ઉલ્ફાના પૂર્વ બળવાખોર હરી પ્રસાદને ટિકિટ આપી છે. તેમની સામે ટાડા કાયદા હેઠળ કેસ પણ છે. બીજી બાજુ વિવાદાસ્પદ રહી ચૂકેલા પૂર્વ કોંગ્રેસી સાંસદ મોની કુમાર સુબ્બાને કોંગ્રેસે ટિકિટ આપી છે. કોંગ્રેસે જોરહાટમાંથી બીજોઈ કૃષ્ણ હાંડિક, ડિબરુગઢમાંથી પવનસિંહ, લખિમપુરમાંથી રાની નરાહ, તેજપુરમાંથી ભુપેન બોરાને જવાબદારી સોંપી છે. બીજી બાજુ ભાજપે તેજપુરમાંથી રામપ્રસાદ શર્મા, કાલિયાબોરમાંથી મુણાલકુમાર શેકિયા, જોરહાટમાંથી કામ્યાખ્માપ્રસાદ, ડિબરુગઢમાંથી રામેશ્વર માળી અને લખિમપુરમાંથી સોનોવાલને મેદાનમાં ઉતાર્યા છે. આમ આદમી પાર્ટીએ પણ આસામમાં ભાગ્ય અજમાવવાનો નિર્ણય કર્યો છે. પાર્ટીએ આસામમાં તેજપુરમાંથી દિપેન શેખિયા, કાલિયાબોરમાંથી જીતની ગોગોઈ, જોરહાટમાંથી મનોરોમ ગોગોઈ અને લખિમપુરમાંથી હીરામણીને મેદાનમાં ઉતાર્યા છે. ત્રિપુરામાં બે તબક્કામાં મતદાન યોજાનાર છે. પ્રથમ તબક્કામાં ત્રિપુરા પશ્ચિમમાં મતદાન યોજાશે. આવતીકાલથી લોકસભાની ચૂંટણીના નવ તબક્કા પૈકી પ્રથમ તબક્કામાં મતદાનની શરૂઆત થશે. ભારતના ઉત્તર પૂર્વમાંથી સૌથી મોટી કવાયત શરૂ થઈ રહી છે. આસામમાં પણ બે તબક્કામાં મતદાન યોજાનાર છે. મળેલી માહિતી મુજબ આસામમાં પ્રથમ તબક્કામાં ૫૧ ઉમેદવાર મેદાનમાં છે. જ્યારે ૧૨મી એપ્રિલના દિવસે આસામમાં બીજા તબક્કામાં ત્રણ બેઠકો માટે મતદાન યોજાશે. જ્યારે ત્રીજા તબક્કામાં છ લોકસભાની બેઠક માટે મતદાન યોજાશે. આસામમાં ૪.૫ લાખ પ્રથમ વખતના મતદારોની સાથે કુલ ૧.૮૭ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. આસામમાં પ્રથમ તબક્કામાં આવતીકાલે મતદાન બાદ ૧૨મીએ બીજામાં અને ૨૪મીએ ત્રીજા તબક્કામાં મતદાન થશે. કુલ ૮૫૮૮ કેન્દ્રો ઉપર મતદાન યોજાનાર છે. મતદાન સવારે સાત વાગે શરૂ થશે અને સાંજે પાંચ વાગ્યા સુધી ચાલશે. શનિવારે સાંજે ૫ વાગે પ્રચારનો અંત આવ્યો હતો.

૨૦ લાખ પકડાયા

● *અનુસંધાન પહેલાનું ચાલુ*

નોંધી રૂપિયા ક્યાંથી આવ્યા હતા? તેની તપાસ શરુ કરી છે.

ગાંધીનગર પાસેના કુડાસણ ગામના પ્રતિક મોલ સામે સર્વિસ રોડ પરથી કાળા રંગની ફોકસ વેગન પોલો કાર ગઈ રાત્રે દોઢ વાગે નીકળી હતી. આ ગાડી જોતાં પેટ્રોલીંગમાં નીકળેલી સે-૭ પોલીસના પીએસઆઈ એ.કે. ભરવાડ તથા તેમની ટીમે ગાડી ઉભી રખાવી ચેકીંગ કર્યું હતું. ગાડીમાં આઈ.બી.ના પી.આઈ.નો પુત્ર જે બી.પી.ઓ. કોલ સેન્ટર ચલાવે છે તે દિપ જયંતભાઈ પટેલ અને તેની બાજુમાં નિફટમાં અભ્યાસ કરતી એક યુવતી બેઠી હતી. પોલીસે ગાડીની પાછળની સીટ તરફ નજર નાંખી તો નોટોના ખુલ્લા બંડલ પડયા હતાં. રૂ. ૨૦ લાખ સીટ ઉપર મુકેલ હતા. પોલીસે રૂપિયા અંગે પુછપરછ કરતા સંતોષકારક જવાબ ન મળતા રૂ. ૨૦ લાખ રોકડા તથા કાર મળીને રૂ. ૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કલમ ૪૧-૧-ડી મુજબ ગુનો નોંધી દિપની પુછપરછ શરુ કરી છે. દિપના દિલ્હીના મિત્ર આશિષ ચૌધરીના કહેવાથી અમદાવાદના જિગર ત્રિવેદી પાસેથી રૂપિયા લાવ્યો હોવાનું તથા પોતાના રૂપિયા નહિં હોવાની કેફિયત દિપ આપી રહ્યો છે તેની ઉંડી તપાસ ચાલી રહી છે.

મોદી સામે લડશે

● *અનુસંધાન છેલ્લાનું ચાલુ*

ફેરવી દીધું છે... તેમણે મોદીને એવું સજેશન કર્યુ છે કે આપણે ગિફ્ટ સિટી બનાવી છે તેમાં એક કે બે ફ્લોર કોર્પોરેટ હાઉસ માટે ફાળવીએ કે જેથી આ સિટીમાં કોર્પોરેટ કલ્ચરનો ધમધમાટ રહે... સરકાર માની ગઈ, ઉદ્યોગજૂથોને -પોઝલ મોકલી પણ હજી રિપ્લાય આવ્યો નથી....

૩૦મીએ રાજયમાં મતદાન મહોત્સવ ઉજવાશે...

મતદાન એ પણ નવરાત્રી જેવો એક ઉત્સવ છે. નવરાત્રીમાં ભલે રાજય સરકાર રજા ન આપતી હોય, મતદાનના દિવસે અચૂક રજા આપે છે. ગુજરાતમાં ૩૦ એપ્રિલે ૨૬ બેઠકોનું મતદાન છે. વિધાનસભાની ચૂંટણીમાં મતદાનની ટકાવારી જેમ વધી હતી તેમ આ વખતે પણ મતદાન વધવાના ચાન્સિસ છે. વધુ મતદાન થવાના બે મુખ્ય કારણોમાં પહેલું કારણ ભારતના વડા-ધાનના કેન્ડિડેટ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી છે. બીજુ કારણ યુવા અને મહિલા મતદારોમાં સૌથી વધુ જાગૃતિ આવી છે. રાજકીય સૂત્રો કહે છે કે આ વખતે લોકસભાની ચૂંટણીમાં મતદાન વધીને ૬૫ થી ૭૦ ટકા થાય તો નવાઈ પામવા જેવું નથી...!!

ભારતના ચૂંટણી પંચે મતદાન વધારવાની અનેક યુક્તિઓ અજમાવી છે. મતદાર યાદીઓમાં ઘણીવખત સુધારા કર્યા છે. નવા મતદારો નોંધાયા છે, ડબલ મતદારો ડિલિટ પણ થયા છે. છ કરોડની વસતીમાં ચાર કરોડ મતદારો છે અને તેમાં પણ ૬૫ ટકાથી વધારે મતદારોની વય ૩૫ વર્ષથી નીચેની છે. ફરજીયાત મતદાનનો કન્સેપ્ટ લોકો ઉપર ઠોકી બેસાડવાની જગ્યાએ મતદાર જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવે તો તેના પરિણામો નક્કર અને સારા આવે છે. ખુદ ચૂંટણી પંચનો આ ભરોસો છે.. ખુદ ગુજરાતના કુલ મતદારોમાં ૪૮ ટકા મતદારો મહિલા છે છતાં બન્ને મુખ્ય પાર્ટીઓએ માત્ર પાંચ મહિલા ઉમેદવારોને ટીકીટ આપી છે...

ઘરનો દરવાજો ખોલો એટલે મોદી સંભળાય...

એક પરિવારના સજ્જન કે જેને રાજકારણ સાથે કોઈ સબંધ નથી તેને ચૂંટણી માટે એમ પૂછયું કે ભારતના વડા-ધાન કોણ બનશે... એણે કહ્યું ખબર નથી...તેમની પત્નિને ચૂંટણી વિષે પૂછતાં તેણીએ કહ્યું કે ઘરનો દરવાજો ખોલીએ એટલે મોદી...મોદી... સંભળાય છે. સમાચાર જોવા ટીવી ચાલુ કરીએ તો ટીકાઓ અને ભક્તિમાં કેવળ મોદી જ ચાલે છે... રેડિયોની એફએમ ચેનલમાં ગીત સાંભળવું હોય તો દેશ કો લૂંટને નહી દૂંગા...માં અવાજ આવે છે...કોમ્પ્યુટર ઉપર કે લેપટોપ ઉપર નેટ ચાલુ કરીએ તો મોદીના ફોટા જ ફોટા... મોદીના વિડીયો... ટ્વિટર ઉપર મોદી, ફેસબુકમાં મોદી અને વોટ્સઅપમાં પણ મોદી... ચારેબાજુ મોદી છે..

શાકભાજી લેવા જઉં તો ત્યાં પણ શાકવાળી પૂછે, હે બહેન મોદી આવશે... કરિયાણાની દુકાનમાં ચીજવસ્તુ આપતા આપતા વેપારી કહે આ વખતે ચોક્કસ મોદી આવશે...માં કોઈને પ્રશ્ન પૂછીએ છતાં પ્રશ્ન અને જવાબ બન્ને સામેથી મળી જાય છે... સ્કૂલમાં નર્સરીના બાળકો પણ મોદી...મોદી કરતા થઈ ગયા છે.. લાલ લાઈટવાળી ગાડી પસાર થાય તો બાળકો જ બોલે છે મોદી જાય છે.... ગુજરાતમાં બીજા કોઈ ચીફ મિનિસ્ટરને આટલી બધી લોકપ્રિયતા કદાચ મળી નથી...બાબુભાઈ જસભાઈ પટેલ થેલી લઈને શાકભાજી લેવા નિકળતા હતા. માધવસિંહ સોલંકી ગાર્ડનમાં બેસીને લોકોના ૌ સાંભળતા હતા. અમરસિંહ ચૌધરી લોક દરબાર ભરીને બેસતા હતા...મોદીનું ઘર ચોકીદારોથી ભરચક છે..

આઇયે, કુછ દિન તો ગુજારો ગુજરાત મે....

ગુજરાતના ટુરિઝન ડિપાર્ટમેન્ટે એક જાહેરાત કરી છે જેમાં હિન્દી ફિલ્મોના એવરગ્રીન સુપરસ્ટાર અમિતાભ બચ્ચન વિડીયો અને ઓડિયોની છેલ્લે બોલે છે, ગુજરાત નહી દેખા.... આઇયે, કુછ દિન તો ગુજારો ગુજરાત મેં.... આ વાક્ય ૧૨ વર્ષ પછી ગુજરાતની છ કરોડની જનતા બોલશે અને તે પણ ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદી માટે...!! મોદી હવે ગુજરાત છોડીને દિલ્હી જતા રહેવાના છે...(જો એનડીએ શાસનમાં આવશે તો...) નહી આવે તો તેઓ આપણે ત્યાં જ છે, ૨૦૧૫માં સાતમી વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટની જાહેરાત તો તેઓ કરી ચૂક્યાં છે...

હાલનું સચિવાલય જોવા જેવું છે. અધિકારીઓ છે પણ કામ નથી... -ધાનો રાજકીય ટૂરમાં છે..સરકારમાં નવા નિર્ણયો સ્થગિત કરી દેવામાં આવ્યા છે. મહેસૂલ, પંચાયત અને ગૃહ વિભાગમાં થોડી ચમક જોવા મળે છે. મોદીએ સચિવાલયના -ત્યેક ડિપાર્ટમેન્ટના હેડની ઓફિસમાં એલસીડી ટીવી મૂકી આપ્યા છે, અત્યારે તેનો બહોળો ઉપયોગ થાય છે. બ્યુરોક્રેટ્સની ઓફિસોમાં ન્યૂઝ ચેનલોની સ્વીચ ઓન થયેલી જ હોય છે, કોણ શું બોલે છે... કોના માટે કોણ શું કહે છે..પોલના સર્વે શું કહે છે... આ બધી બાબતોનો જીણવટથી અભ્યાસ કરીને પછી સેક્રેટરીઓની ટી પાર્ટીમાં ઉંડાણથી ડિસ્કશન કરે છે...અને હા, યાદ અપાવવાનું કે આપણી બ્યુરોક્રેસી પણ બે ભાગમાં વહેંચાયેલી છે, એટલે ચર્ચા પણ ચા ની જેમ ગરમ રહે છે...!!

સંઘ પરિવાર અને ભાજપની દિશા બદલાઇ છે...

ઓરીજનલ સંઘ પરિવાર અને ભારતીય જનતા પાર્ટી કેવી હતી, બધાંને યાદ હશે કે સંઘના નેતાઓ અને ભાજપના કાર્યકરો વિદેશી ચીજવસ્તુઓનો બહિષ્કાર કરતા હતા. માત્ર દેશી બનાવટની ચીજો વાપરવાનો આગ્રહ રાખતા હતા. દેશી ચીજો માટે કેટલાય આંદોલનો સંઘ અને તેની ભગિની સંસ્થાઓએ છેડ્યાં છે. સ્વદેશી ચળવળ શરૂ કરનાર સંઘના નેતાઓ હવે ઓફિસમાં એરકન્ડિશન્ડ વિના રહી શકતા નથી. તેમને પણ ફાઈવસ્ટાર સુવિધાઓની આદત પડી ચૂકી છે. આજે આ દેશી ભાવના સંઘમાં રહી નથી. તેના પગલે ભાજપે પણ દિશા બદલી છે. વિદેશી ચીજો સારી લાગી રહી છે...

અલગ સિદ્ધાંત, કેડરબેઝ પાર્ટીની છબી, કટ્ટર હિન્દુત્વવાદી માનસ અને રાષ્ટ્રભક્તિનો નારો એ સંઘ-ભાજપના એજન્ડાની મુખ્ય બાબતો હતી. એ સમયના નેતાઓ ઘણાં સંવેદનશીલ હતા. આજે સંઘના ઈશારે ચાલતા ભાજપને કોંગ્રેસનો રંગ લાગ્યો છે. પાર્ટી જેટલી વિસ્તૃત બનવા લાગી છે તેટલા દૂષણો તેમાં ઘૂસી રહ્યાં છે. ચહેરા અને મહોરા બદલાયા છે. પરિવર્તન સંસારનો નિયમ છે તે કહેવત ભાજપને લાગુ પડી છે. પિડા સહન કરીને પણ આંદોલનોમાં જાતને હોમી દેનારા નેતાઓ હવે રહ્યાં નથી. "સત્તા માટે સંઘર્ષ નહી, ચાલાકી ચાલશે..." એ ઉક્તિમાં માનનારો વર્ગ વધી રહ્યો છે. ભાજપનું કોંગ્રેસીકરણ થઈ ચૂક્યું છે. પાર્ટી એ જ છે તેના નેતાઓ બદલાયા છે. સત્તા માટે સિદ્ધાંતોને નેવે મૂકવામાં હવે લાજ-શરમ રહી નથી....

અડવાણીના બંગલાને રિયલ એસ્ટેટનો રંગ....

ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીના ગાંધીનગર સ્થિત બંગલાને રાજકીય રંગ લાગી ચૂક્યો છે. તેમની ચૂંટણી એફિડેવિટ જોતાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટે આ બંગલાની કિંમત એક કરોડ રૂપિયા આંકી છે, પણ કહીકતમાં જો બંગલો વેચવા કાઢે તો એક કરોડમાં અડવાણી વેચી શકે નહી... કારણ કે ગાંધીનગરમાં ૩૩૦ ચોરસ મીટરના પ્લોટની કિંમત જ દોઢ કરોડે પહોંચી ચૂકી છે. સેક્ટર-૨માં -નઈમ લોકેશન ઉપર આવેલા આ બંગલાની કિંમત ત્રણ કરોડ કરતાં વધારે ઉપજે તેમ છે...

છેલ્લી ત્રણ એફિડેવિટમાં બંગલાની કિંમત ઈન્ટરેસ્ટીંગ છે. ૨૦૦૪માં અડવાણીએ આ બંગલાની કિંમત ૨૫ લાખ રૂપિયા આંકી હતી. ૨૦૦૯માં તેમણે આ બંગલાની કિંમત ૫૦ લાખ બતાવી હતી. ૨૦૧૪માં તેમણે બંગલાની કિંમત એક કરોડ મૂકી છે. શહેરના એક બિલ્ડરે કહ્યું કે "અડવાણીને આ બંગલો વેચવો હોય તો અમે પૂરા ત્રણ કરોડ ચૂકવી શકીએ, એટલું જ નહી, એમપી કે એમએલએ એક કરોડમાં તેમના બંગલા વેચવા કાઢે તો અમે હાલ સોદા કરી લઈએ..." અડવાણીએ ૨૦૦૪માં તેમની એસેટ્સ વેલ્યુ ૧.૩૦ કરોડ મૂકી હતી, ૨૦૦૯માં તે વધીને ૩.૫૦ કરોડ થઈ હતી. આજે ૭.૫૦ કરોડની એસેટ્સ અડવાણી પાસે છે...

ચૂંટણીમાં સ્લોગન ઇફેક્ટિવ સાધન બને છે...

દેશની -ત્યેક સામાન્ય ચૂંટણીમાં પાર્ટીનું સ્લોગન ચૂંટણી -ચારમાં હંમેશા ઈફેક્ટિવ સાધન બને છે. આપણા લાલબહાદુર શાસ્ત્રીએ "જય જવાન, જય કિસાન નું ખૂબ પોપ્યુલર સૂત્ર આપ્યું હતું. પહેલી નોન કોંગ્રેસી સરકારમાં મોરારજી દેસાઈએ આ દેશને ઈન્દિરા હટાવો, દેશ બચાવો નું સ્લોગન આપ્યું હતું. ઈન્ડિયા એટલે ઈન્દિરા નો નારો એક સમયે ખૂબ ચગ્યો હતો, ત્યારે ઈન્દિરા ગાંધીએ ગરીબી હટાવો નો નારો દેશની -જા સમક્ષ મૂક્યો હતો. રાજીવ ગાંધીએ ૨૧માં સદીનો નારો લગાવ્યો હતો. આ સાથે પાર્ટીએ જબ તક સુરજ ચાંદ રહેગા, ઈન્દિરા તેરા નામ રહેગા... નું સૂત્ર ગુંજતું કર્યું હતું. છેલ્લી બે ચૂંટણીમાં કોંગ્રેસે ગરીબી હટાવોના નારા સાથે કોંગ્રેસ કા હાથ આમ આદમી કે સાથ નું સ્લોગન બુલંદ કર્યું હતું. આજે મે નહી હમ... નું સૂત્ર રાહુલ ગાંધી પાસે છે...

અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં લડાયેલી ચૂંટણીમાં ભાજપે અબકી બારી અટલ બિહારી... સૂત્ર વહેતું કર્યું હતું. ત્યારપછી ભાજપના કોર્પોરેટ લિડર -મોદ મહાજને ઈન્ડિયા સાઈનિંગ નું સ્લોગન આપીને ભાજપને ખૂશ રાખવાનો -યાસ કર્યો હતો પરંતુ આ સ્લોગન તદ્દન ફેઈલ ગયું અને ફરીથી કોંગ્રેસ સત્તા ઉપર આવી ગઈ...આજે મોદીએ કોંગ્રેસ મુક્ત ભારત નું સૂત્ર આપ્યું છે... પાર્ટીએ ભાજપ સરકાર નહી પણ મોદી સરકાર એવું સ્લોગન વહેતું કર્યું છે. પાર્ટી કોઈ એક સ્લોગન સાથે ઈલેકશન લડતી નથી... અલગ અલગ -દેશમાં અલગ અલગ સ્લોગન તરી રહ્યા